# પીડીપીયુ માર્ગ પર સીમ્ફની હોમ્સ ખાતે દોઢ લાખની ચોરી

ગાંધીનગર,તા.૧૬

ગાંધીનગર પીડીપીયુ માર્ગ પર સીમ્ફની હોમ્સ ખાતે ચોરીની ઘટના સામે આવી છે. મકાન નં.૨ ખાતે બેડરૂમની બારીમાં લગાવેલી લોખંડની જાળીના સળીયા તોડી બેડરૂમમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ ચોર ઈસમોએ કબાટના ડ્રોઅરમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ.૧.૬૦ લાખની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. જો કે પરિવારના સભ્યો ઘરમાં સુતા હતા તેમ છતા ચોરીની જાણ સુધ્ધા થઈ નથી. જયારે બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે રવિભાઈએ ફરીયાદ નોંધાવતા પોલીસે ચોર ઈસમોને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે ખેતીવાડી વિભાગમાં ડીસ્ટ્રીકટ કન્સલન્ટ તરીકે ફરજ બજાવતા રવિ જગુભાઈ દેસાઈ સીમ્ફની હોમ્સ મકાન નં.૨ ખાતે છેલ્લા ૬ વર્ષથી રહે છે. ગતરોજ રાત્રીના સુમારે રવિભાઈ નીચે મેઈન હોલમાં અને તેમના પત્ની-દિકરી ઉપરના માળે સુઈ ગયા હતા. ત્યારબાદ તેઓએ સવારે સાડા પાંચ વાગે ઉઠીને જોયું તો ઘરના બેડરુમ જોયુ તો લોખંડની જાળીના સળીયા તુટેલા હતા અને કબાટમાં ચાવી લટકતી હતી, જયારે મકાનની પાછળ આવેલ શેડ અને લોખંડની જાળી પાસે રહેલ દરવાજો પણ ખુલ્લો હતો. ત્યારબાદ ઘરમાં તપાસ કરતા બેડરૂમમા રહેલા કબાટના ડ્રોઅરનો સામાન વેર વિખેર હાલતમાં પડ્યો હતો. જેને પગલે રવિભાઈએ ઘરમાં તપાસ કરતા ચોર ઈસમોએ બારીની લોખંડની સળીયાની જાળી તોડી અંદર બેડરૂમમાં પ્રવેશી બેડરૂમમાં રહેલા લાકડાના કબાટ ખોલીને ડ્રોઅરમાંથી સોનાનું એક તોલાનું મંગળસુત્ર, દોઢ તોલાનો દોરો, ૨ તોલાની સોનાની બંગડી, દોઢ તોલા વજનની સોનાની ચાર વીંટી, ચાંદીના કડા, ચાંદીના સિક્કા સહિત રોકડ રકમ મળી કુલ રૂ. ૧.૬૦,૫૦૦ ની મત્તાની ચોરી થઈ છે. બનાવને પગલે રવિભાઈની ફરીયાદ લઈ પોલીસે ચોર શખ્સોને પકડી પાડવા કાર્યવાહી હાથ ધરી છે. શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ઘરફોડ ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. શહેરી અને ન્યું શહેરી વિસ્તારમાં ટોળકી ચોરીને અંજામ આપી સિફતપૂર્વક નીકળી જાય છે.

# સે-૨૧માં પાર્કીંગની સમસ્યા ડામવામાં નિષ્ફળ તંત્રની દબાણ ઝુંબેશ

**સેકટરમાં બિનઉપયોગી વોક વે પરથી લારી ગલ્લાના દબાણો દુર કરાયા : કોરોના કાળમાં માંડ પેટીયુ રળતા લારી ગલ્લા ચાલકોમાં પ્રબળ આક્રોશ**

ગાંધીનગર તા ૧૫

સે-૨૧ માં આજે અચાનક જ દબાણતંત્રની ટીમ ત્રાટકી હતી સેકટરમાંથી લારી ગલ્લાના દબાણો દુર કરાયા હતા જયારે દબાણતંત્રની ટીમે લારી ગલ્લા ચાલકોનો સામાન પણ કબજે લીધો હતો. કોરોના કાળમાં વેપાર ધંધા માંડ પાટે ચઢી રહ્યા છે. શ્રમિકો સહીત લારી ગલ્લા ચાલકો આર્થિક સંકડામણ વચ્ચે પરેશાન છે. આવા સંજોગોમાં પાર્કીંગની સમસ્યાને ડામવાની કાર્યયોજનાને અભેરાઈએ ચઢાવી દીધા બાદ તહેવાર ટાંણે દબાણ ઝુંબેશ હાથ ધરવામાં આવતા લારી ગલ્લા ચાલકોમાં પ્રબળ રોષ પ્રવર્તયો છે.

શહેરના સે-૨૧ માં આજે અચાનક જ દબાણતંત્ર જાગૃત થયુ હતુ. કોરોનાના કપરાકાળમાં છેલ્લા ઘણાં સમયથી લારી ગલ્લાના દબાણો દુર કરવાની કામગીરી ઠપ્પ થઈ ગઈ છે. એકબાજુ વેપાર ધંધા માંડ ધમધમતા થયા છે. ત્યારે લારી ગલ્લાના વેપારીઓ પણ કોરોના કાળમાં કપરા દિવસો પસાર કરી રહ્યા છે. ત્યારે અચાનક જ દબાણ તંત્ર હરકતમાં આવતા લારી ગલ્લા ચાલકોમાં પ્રબળ રોષ પ્રવર્તયો છે. શહેરના સેકટર-૨૧ માં પાર્કીંગની સમસ્યા જુની અને જટીલ છે. સેકટરમાં એકબાજુ પાર્કીંગની વ્યવસ્થા ઉભી કરવાની વાત હજુ કાગળમાં છે. નિર્ણયના અભાવે પાર્કીંગ પ્લેસ ઉભુ કરવાની કામગીરી પણ હજુ થઈ શકી નથી બીજીતરફ સેકટરમાં બિન ઉપયોગી ફુટપાથના લીધે પણ પાર્કીંગની જગ્યા રોકાયેલી છે. પાર્કીંગની સમસ્યા હલ કરવા માટે ભૌગોલિક સ્થળ સ્થિતિનો અભ્યાસ કરી યોગ્ય જગ્યા ખુલ્લી કરવા માટે પણ માંગ ઉઠવા પામી છે. ત્યારે હાલ બિન ઉપયોગી વોક વે પર લારી ગલ્લા ધારકો હવે દબાણતંત્રના નિશાને છે. સે-૨૧ માં આજે ડિસ્ટ્રીકટ શોપિંગ નજીકના વિસ્તારમાં દબાણો દુર કરવા ટીમ કામે લાગી હતી. લારી ગલ્લાના દબાણો દુર કરી તંત્રએ સામાન પણ કબજે લીધો હતો ત્યારે પાર્કીંગની પેચીદી સમસ્યાને ડામવા માટે સેકટરમાં સ્માર્ટ આયોજન કરવાની કાર્યયોજનાની લાંબા સમયથી અવગણના થાય છે. સેકટરમાં પાર્કીંગની સમસ્યાના મામલે વેપારીઓએ પણ તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરી છે. પરંતુ હજુ સુધી આ વાતનો નિકાલ આવ્યો નથી. આવા સંજોગોમાં નવરાત્રી દિવાળી સહીતના તહેવારો ટાંણે તંત્ર દ્વારા દબાણો દુર કરવાની કામગીરી મનસ્વી હોવાનો આક્રોશ ઠાલવતા લારી ગલ્લા ચાલકો દયાજનક સ્થિતિમાં મુકાઈ ગયા છે.

## ખૂણેખાંચરેથી

- નાણાં વિભાગમાં પાંચથી વધુ કર્મયોગીઓ કોરોનાથી સંક્રમિત થતાં આજે બ્લોક નં. ૪ ના સાતમા માળે નાણાં વિભાગની કચેરીમાં સેનીટાઈઝેશન કરાયુ હતુ.
- ગાંધીનગર જિલ્લાની સંકલન સમિતિની આજે વર્ચ્યુઅલ બેઠક મળી રહી છે. જિલ્લામાં આ સતત બીજી સંકલનની બેઠક વર્ચ્યુઅલ મળશે.
- ગાંધીનગર શહેરમાં કોરોનાના અત્યાર સુધીમાં ૨૫ હજારથી વધુ એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યા છે.
- ભાજપના આજે જાહેર કરાયેલ ૩૦ સ્ટાર પ્રચારકોમાં પૂર્વ પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીની બાદબાકી કરાતાં રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે.
- ગાંધીનગર શહેરમાં ચિકનગુનિયાના કેસો દેખાયા છે પણ માઈલ્ડ ચિકનગુનિયાના કેસો હોવાનું જાણવા મળેલ છે.
- આજથી મા આદ્યશક્તિ જગદંબાની ઉપાસનાનું પર્વ શરૂ થતુ હોવાથી પૂજા માટેના સ્ટોર્સ પર ઘરાકી વધુ જોવા મળતી હતી.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




સર તમે ગયા વખતે ગરબાનાં સ્ટેપ શીખવ્યા હતાં તે ભુલાવવાનાં ક્લાસ આ વખતે કરોને...!! ગરબા ભુલી જઈએ તો સ્ટ્રેસ ઓછો લાગે...

# બે દિવસમાં છુટા છવાયા સ્થળો પર હળવાથી ભારે વરસાદની શક્યતા

ગાંધીનગર, તા. ૧૬

હવામાન વિભાગની આગાહી મુજબ શનિ-રવિ દરમ્યાન જિલ્લામાં છુટાછવાયા સ્થાનો પર હળવાથી ભારે વરસાદ થઈ શકે છે.

વરસાદની આ આગાહીને પગલે જિલ્લાના કૃષિતંત્રએ પણ માર્કેટયાર્ડોને તેમનો માલ સુરક્ષિત રહે તે રીતે રાખવા માટે જણાવ્યુ છે. આ ઉપરાંત ખેડૂતોને પણ ઉત્પાદિત થયેલ કપાસ, અડદ, મગ, બાજરી, મગફળી કે અન્ય ખેત પેદાશોને સલામત સ્થળે ગોડાઉનોમાં સુરક્ષિત કરવા જણાવ્યુ છે.

ઘાસચારો અને અન્ય પાકો પર તાડપત્રી પણ ઢાંકવા જણાવાયુ છે. એ.પી.એમ.સી. કે પછી અન્ય સ્થાનો પર વેચાણ અર્થે લઈ જવાતી ખેત જણસીઓ ઢાંકીને લઈ જવી અને હવામાન ખાતાની આગાહી હોય તેવા સમયે ખેત જણસી વેચાણ શક્ય હોય ત્યાં સુધી ટાળવા જણાવાયુ છે.

શાકભાજીના પાકોમાં પણ કાળજી રાખવા અપીલ કરતાં તંત્રએ શાકભાજી તૈયાર હોય તો તે ઉતારી લેવી.

# એસટી ડેપોના ગેટ સામેથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના એસટી ડેપોના ગેટ નં-૧ ની સામે ફુટપાથ પાસે પાર્ક કરેલા બાઈકની ચોરી થવા પામી છે. સવારે પાર્ક કરીને યુવક અમદાવાદ નોકરી ગયો હતો. જયારે સાંજે પરત ફરીને જોતા બાઈક ગુમ હતું. આસપાસના વિસ્તારમાં પોતાની રીતે શોધખોળ કરવા છતા બાઈક નહી મળી આવતા યુવકે સેકટર-૭ પોલીસ મથકે બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

વિગત મુજબ કોલવડા ગામ પાસે આવેલી કેશર રેસીડેન્સી ખાત રહેતો ગોવિંદ વિનુજી ચાવડા (ઉં.૨૭) પોતાના પરિવાર સાથે રહે છે. જયારે ગોવિંદ અમદાવાદ એસજી હાઈ વે પર પ્રહલાદ નગર સ્થિત ઈસ્કોન એલીગન્સ ખાતે આવેલી જીત કન્સ્ટ્રકશન કંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે. છેલ્લા બે વર્ષથી ગોવિંદ પથિકા એસટી ડેપોના ગેટની સામે આવેલી ફુટપાથ પાસે બાઈક નં. જી.જે.૦૧.એન.જે.-૦૪૯૪ પાર્ક કરીને બસમાં બેસીને નોકરીએ આવન જાવન કરે છે. ત્યારે ગત તા. ૧૨ ના રોજ સવારના સમયે બાઈક કાયમી જગ્યાએ પાર્ક કરીને ફરીયાદી યુવક નોકરી ગયો હતો અને સાંજના સુમારે નોકરીથી પરત આવીને જોયું તો બાઈક ગાયબ હતું. યુવકે પોતાની રીતે બાઈક અંગે શોધખોળ કરી હતી પરંતુ ના મળી આવતા યુવકે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**


